# UCC : તમામ લગ્નોની નોંધણી ફરજિયાત

**એક વર્ષની** અંદર છૂટાછેડાની અરજી નહીં કરી શકાય

ગાંધીનગર : રાજ્ય સરકારે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (Uniform Civil Code) લાગુ કરવા માટે ‘ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬’ આજે ગુજરાત વિધાનસભામાં રજૂ કર્યું છે. આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ્ય ધર્મ, જાતિ કે લિંગના ભેદભાવ વગર તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસો અને લિવ-ઈન રિલેશનશિપ જેવા વિષયોમાં એકસમાન કાયદાકીય માળખું પૂરું પાડવાનો છે.

## ૧. છૂટાછેડાની ફરજિયાત નોંધણી

- વિધેયકના અમલ પછી રાજ્યમાં થતા તમામ લગ્નોની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.
- જો લગ્નનો કોઈ એક પક્ષકાર રાજ્યનો રહેવાસી હોય અને લગ્ન રાજ્યની બહાર થયા હોય, તો પણ તેની નોંધણી કરાવવી આવશ્યક છે.
- નોંધણી ન કરાવવાથી લગ્ન અમાન્ય ગણાશે નહીં, પરંતુ તેના માટે દંડની જોગવાઈ કરવામાં આવી છે.

## ૨. લગ્ન માટેની શરતો અને પ્રતિબંધો

- લગ્ન માટે પુરુષની ઉંમર ૨૧ વર્ષ અને સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષ હોવી જરૂરી
- જો પતિ કે પત્ની હયાત હોય, તો તે દરમિયાન બીજા લગ્ન કરવા પર પ્રતિબંધ છે
- ચોક્કસ પ્રતિબંધિત સંબંધોમાં (Prohibited degrees of relationship) લગ્ન કરી શકાશે નહીં, સિવાય કે રૂઢિ કે પરંપરા મુજબ તેની છૂટ હોય.

## ૩. છૂટાછેડા અને ભરણપોષણ

- કોઈપણ પક્ષકાર રૂઢિ કે અંગત કાયદા મુજબ સીધા લગ્ન-વિચ્છેદ કરી શકશે નહીં
- લગ્નના એક વર્ષની અંદર સામાન્ય રીતે છૂટાછેડાની અરજી કરી શકાશે નહીં.
- વિધેયકમાં ભરણપોષણ (Maintenance), બાળકોની કસ્ટડી અને મિલકતના નિકાલ અંગે સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

## ૪. લિવ-ઇન રિલેશનશિપ

- ગુજરાતમાં રહેતા અથવા ગુજરાતના રહેવાસી હોય તેવા કપલ્સ માટે લિવ-ઇન રિલેશનશિપની નોંધણી કરાવવી ફરજિયાત કરવામાં આવી છે.
- લિવ-ઇન રિલેશનશિપની નોંધણી ન કરાવવા બદલ અથવા ખોટી માહિતી આપવા બદલ જેલની સજા અને દંડની જોગવાઈ છે.

## ૫. વારસાહક અને વસિયત

- મિલકતના વારસા માટે સમાન નિયમો બનાવવામાં આવ્યા છે, જેમાં ગર્ભમાં રહેલા બાળકનો અધિકાર પણ સુરક્ષિત કરવામાં આવ્યો છે.
- વસિયત (Will) બનાવવાની પ્રક્રિયા, તેની માન્યતા અને અમલીકરણ માટે વિગતવાર કાયદાકીય માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

## ‘હલાલા’ પ્રથાથી મહિલાના જીવનમાં પ્રતિકૂળ અસર પડે છે : હર્ષ સંઘવી

ગાંધીનગર: ગુજરાત વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ રજૂ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નિવેદનથી ગૃહમાં ગરમાતો જોવા મળ્યો હતો. બિલ રજૂ કરવાનો હેતુ સમજાવતા તેમણે કહ્યું કે કાયદાકીય અસમાનતાના કારણે ઘણી મહિલાઓને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડે છે, જેને દૂર કરવા આ બિલ જરૂરી બન્યું છે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે હર્ષ સંઘવીએ ‘હલાલા’ પ્રથાને લઈને પણ પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું કે તેનાથી મહિલાઓના જીવન પર પ્રતિકૂળ અસર પડે છે. જોકે, કોંગ્રેસના ઇમરાન ખેડાવાલાએ આ મુદ્દે વિરોધ નોંધાવતા કહ્યું કે રજૂઆત અધૂરી છે અને ખોટો સંદેશ ન જાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

## ૬. ખાસ નોંધ અને અપવાદ

- આ સંહિતા અનુસૂચિત આદિજાતિઓ (Scheduled Tribes) અને વ્યક્તિઓના અમુક અન્ય જૂથોને લાગુ પડશે નહીં.
- આ કાયદાના અમલ માટે રજિસ્ટ્રાર જનરલ અને રજિસ્ટ્રારની નિમણૂક કરવામાં આવશે.

## ભવિષ્યમાં આદિવાસીઓના સમાવેશનો ભય : ચૈતર વસાવા

અમદાવાદ : રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા બિલ લઈને આવવામાં આવી રહ્યું છે, આ બિલમાંથી આદિવાસી સમાજની બાદબાકી કરવામાં આવી છે, એવું અમને જણાવવામાં આવ્યું છે, તેમ છતાં પણ અમને ભીતિ છે કે હાલમાં ચૂંટણી છે માટે આદિવાસી સમાજને સમાવવામાં આવ્યો નથી પરંતુ આવનાર દિવસોમાં ચોક્કસ સુધારાના ભાગરૂપે આદિવાસી સમાજનો સમાવેશ કરવામાં આવશે. તેવું આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સાથેની વાચતીતમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતુ કે, સરકાર ફક્ત લઘુમતી સમુદાયોને ટાર્ગેટ કરીને આવનારી ચૂંટણીઓમાં હિન્દુ-મુસ્લિમ કરવા માટે આ બિલ લાવી રહી હશે, એવું અમને લાગી રહ્યું છે. ચૈતર વસાવાએ વધુમાં કહ્યું હતુ કે આજથી એક વર્ષ પહેલા સમાન નાગરિક સંહિતાની કમિટી જ્યારે જિલ્લા કક્ષાએ સામાજિક, રાજકીય ધાર્મિક સહિત તમામ પ્રકારના આગેવાનોના અભિપ્રાય લેવા માટે આવી હતી ત્યારે ગુજરાતમાં 80% લોકોએ આનો વિરોધ નોંધાવ્યો છે.

## અમદાવાદમાં નકલી રેલવે ટિકિટના કૌભાંડનો પર્દાફાશ

**અસલી** ટિકિટના આધારે સ્કેન કરેલી નકલી ટિકિટ સાથે 15ની ધરપકડ

**અસલી** ટિકિટ કેન્સલ કરાવીને રિફંડ મેળવી લેવામાં આવતું હતું

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નકલી રેલ્વે ટિકિટ કૌભાંડનો પર્દાફાશ કરી 15 લોકોને ઝડપી પાડ્યા હતાં.

આ અંગેની માહિતી મુજબ, 21 માર્ચ 2026ના રોજ પ્રયાગરાજ-અમદાવાદ એક્સપ્રેસ (ટ્રેન નંબર 22968) અમદાવાદ સ્ટેશન પર પહોંચતા ટિકિટ ચેકિંગ ટીમે નિયમિત તપાસ દરમિયાન કેટલાક શંકાસ્પદ મુસાફરોને રોક્યા હતા. તપાસમાં બે મુસાફરોના ટિકિટના સિરિયલ નંબર એકસરખા હોવાનું સામે આવ્યું. ક્યુઆર કોડ સ્કેનિંગ અને ટેકનિકલ ચકાસણીમાં ટિકિટો નકલી હોવાનું સ્પષ્ટ થયું હતું. વધુ તપાસમાં જાણવા મળ્યું કે મૂળ ટિકિટોને સ્કેન કરી તેમની અનેક નકલો બનાવી મુસાફરોને વેચવામાં આવતી હતી. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ પ્રયાગરાજમાં ATVM (ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન) ફેસિલિટેટર્સ દ્વારા સંચાલિત થતી હતી. અમદાવાદ અને પ્રયાગરાજ વચ્ચે સંકલિત કાર્યવાહી દરમિયાન 21-22 માર્ચની રાત્રે અમદાવાદ સ્ટેશન પર ઉચ્ચ અધિકારીઓએ સતત નજર રાખી હતી. સીસીટીવી ફૂટેજના આધારે પકડાયેલા મુસાફરો દ્વારા બે મુખ્ય આરોપીઓ વિનય શુક્લા અને ગૌરવ પાંડેની ઓળખ કરવામાં આવી હતી. આ બંનેની તપાસમાં ખુલ્યું કે વિનય શુક્લાએ 20 માર્ચે પ્રયાગરાજમાંથી અમદાવાદ અને સુરત માટેની અસલી ટિકિટો મેળવી ગૌરવ પાંડેને આપી હતી. ત્યારબાદ ચૌક વિસ્તારમાં ફરહાદ નામના વ્યક્તિની મદદથી મોંઘા સ્કેનર અને ફોટોશોપ દ્વારા નકલી ટિકીટ તૈયાર કરવામાં આવી હતી. બાદમાં અસલી ટિકિટો રિફંડ કરાવી અને નકલી ટિકિટો મુસાફરોને વેચીને ગેરકાયદેસર નફો મેળવવામાં આવ્યો હતો.

## ચૂંટણી નજીક આવી એટલે સરકાર આ બિલ લાવી : અમીત ચાવડા

ગાંધીનગર : યુસીસી બિલ પરની ચર્ચા દરમ્યાન કોંગ્રેસના સીનીયર સભ્યો અમીત ચાવડા અને શૈલેષ પરમારે ભાજપ સરકાર પર પ્રહાર કરતાં કહયું હતું કે , હવે ચૂંટણીઓ નજીક આવી છે એટલે સરકાર યુસીસીનું બિલ લાવી છે, હકીકતમાં સરકારે પહેલા તો જસ્ટીસ રંજના દેસાઈ કમિટીએ આપેલો આખો રિપોર્ટ ગૃહની વિચારણા સમક્ષ મૂકવો જોઈએ, જે સરકારે મૂકયો જ નથી, આ રિપોર્ટ છુપાવવાનું શું કારણ છે ? તેની પણ સરાકરે સ્પષ્ટતા કરવી જોઈએ, ત્યાં સુધી આ બિલ પ્રવર કમિટી (સિલેકટ કમિટી)ને સોપવું જોઈએ. આ કમિટી રિપોર્ટ આપે તે પછી સરકારે તેના પર વિચારણા કરીને વિધેયક ગૃહમાં રજુ કરવુ જોઈએ.ચાવડાએ કહયું હતું કે ભાજપની સરાકર પોતાનો રાજકિય એજન્ડા સેટ કરવા આ વિધેયક લાવી છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારે પણ આ વિધેયક પાછળનો હેતુ રાજકિય હોવાનું જણાવ્યું હતું.

# ગલ્ફના શક્તિશાળી દેશો ઈરાનના હુમલાઓ કેમ ચૂપચાપ સહન કરી રહ્યા છે?



યુદ્ધ પોઇન્ટ
સમકિત શાહ

ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ સાથેના યુદ્ધના ભાગ રૂપે ઈરાને ખાડી ક્ષેત્રમાં સાઉદી આરબ, કતાર, કુવૈત, ઓમાન, સંયુક્ત આરબ અમીરાત વગેરે દેશો પર મિસાઇલ હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. ઈરાનના દક્ષિણ પાર્સ તેલ ક્ષેત્ર પરના ઈઝરાયલના હુમલાનો બદલો લેવા માટે ઈરાને ગયા ગુરુવારે કતારના રાસ લાફાન ઉર્જા સંકુલ પર હુમલો કર્યો હતો. બંને સુવિધાઓ વિશ્વના સૌથી મોટા કુદરતી ગેસ ક્ષેત્રોનો ભાગ છે. અત્યાર સુધી કતાર અને અન્ય ગલ્ફ દેશોને ઈરાને વારંવાર નિશાન બનાવવામાં આવ્યા હોવા છતાં તેમણે ઈરાન સામે બદલો લીધો નથી. કોઈ અકળ કારણોસર તેઓ ઈરાન પરના હુમલાઓ ટાળી રહ્યા છે, પણ તેમની ધીરજ ખૂટી શકે છે.

અમેરિકા અને ઇઝરાયલે ઇરાન વિરુદ્ધ સંયુક્ત લશ્કરી કાર્યવાહી શરૂ કરી, ત્યારે ઈરાને ઝડપથી બદલો લીધો અને માત્ર ઇઝરાયલ જ નહીં પરંતુ અમેરિકા સાથે સંબંધિત ગલ્ફના દેશો પર પણ હુમલો કર્યો હતો. ગલ્ફના અધિકારીઓનું કહેવું છે કે આ ક્ષેત્રમાં અમેરિકી લશ્કરી થાણાંઓ પર હુમલા ઉપરાંત ઈરાને નાગરિક માળખાગત સુવિધાઓ પર પણ હુમલો કર્યો છે, જેમાં એરપોર્ટ, હોટલ, રહેણાંક વિસ્તારો અને ખાસ કરીને ઉર્જા મથકોનો સમાવેશ થાય છે. આમ છતાં, ગલ્ફના દેશોએ હજુ સુધી ખુદ ઈરાન સામે કોઈ હુમલો કર્યો નથી અને તેઓ યુદ્ધમાં સીધા સામેલ થવાનું ટાળી રહ્યા છે. તેમના દૃષ્ટિકોણથી જોઈએ તો આ તેમનું યુદ્ધ નથી અને ઈરાન સામે બદલો લેવાથી તેઓ ઈરાનનાં મુખ્ય લક્ષ્યોમાં પરિવર્તિત થઈ શકે છે, કારણ કે તેમની પાસે ફાયદા કરતાં ગુમાવવાનું વધુ છે. ગલ્ફના અર્થતંત્રો ઊર્જા માળખાગત સુવિધાઓ, શિપિંગ અને રોકાણકારોના વિશ્વાસ પર આધાર રાખે છે અને ઈરાને બતાવ્યું છે કે આ બધાને વિક્ષેપિત કરી શકાય છે. ઈરાન પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરી રહ્યું છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ જળમાર્ગો છે. જો ગલ્ફના દેશો ઈરાન સામે હુમલો કરે તો તેનો અર્થ એવો થઈ શકે છે કે ગલ્ફના દેશો ઈઝરાયેલ સાથે થઈ ગયા છે. ગલ્ફના દેશોમાં ઈઝરાયેલ સાથે જોડાણ કરવામાં ખચકાટ છે.

અમેરિકાએ ૨૦૦૩ માં ઇરાક પર આક્રમણ કર્યું હતું અને સદ્દામ હુસૈનની સરકારને ઝડપથી ઉથલાવી દીધી હતી. જોકે, આનાથી સત્તાનો શૂન્યાવકાશ સર્જાયો હતો, જેના કારણે બળવાખોરી, સાંપ્રદાયિક હિંસા અને લાંબા સમય સુધી અસ્થિરતાનો માહોલ સર્જાયો હતો. ગલ્ફના દેશોને હવે ડર છે કે અમેરિકા કોઈ પણ જાતના સ્પષ્ટ લક્ષ્ય વિના ઈરાન સામે ખુલ્લી લડાઈ ચલાવી રહ્યું છે, જે લડાઈ આ પ્રદેશને સમસ્યાઓ સાથે છોડી દેશે. અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના આ યુદ્ધને લઈને ખાડી દેશોમાં ગુસ્સો હોવા છતાં તેઓ હજુ પણ અમેરિકન લશ્કરી સુરક્ષા પર ખૂબ આધાર રાખે છે. તેઓ અમેરિકન લશ્કરી થાણાંઓ અને સૈનિકોનું આયોજન કરે છે, ગુપ્ત માહિતી શેર કરે છે અને અમેરિકન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પર ખૂબ આધાર રાખે છે. ગલ્ફના અધિકારીઓના મતે અમેરિકાની આ હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ ઈરાનના મોટા ભાગના મિસાઈલ હુમલાઓને અટકાવી દીધા છે. અમેરિકાનાં થાણાં વિશે રાજકીય સ્તરે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવા છતાં, લશ્કરી સ્તરે સંબંધ મજબૂત સાબિત થયો છે. ગયા મહિને હુમલા શરૂ કર્યા પછી અમેરિકાએ તેના લશ્કરી અભિયાન માટે વિવિધ લક્ષ્યો જાહેર કર્યાં છે, જેમાં ઈરાનની પરમાણુ શસ્ત્રો વિકસાવવાની ક્ષમતાને નાબૂદ કરવાથી લઈને શાસન પરિવર્તન સુધીનો સમાવેશ થાય છે. ગલ્ફ નેતાઓ માને છે કે હુમલાઓને રોકવા માટે રાજદ્વારી પ્રયાસ એકમાત્ર રસ્તો છે.

ઈરાને બધા ગલ્ફ દેશોને સમાન તીવ્રતાથી નિશાન બનાવ્યા નથી, જે તેની વિલક્ષણ વ્યૂહરચના દર્શાવે છે. આ યુદ્ધમાં સૌથી વધુ હુમલાઓનો ભોગ બનેલા દેશોમાં સંયુક્ત આરબ અમીરાત એક રહ્યું છે. ૨૦૨૦ માં તેણે અને બહેરીને ઇઝરાયલ સાથેના સંબંધો સામાન્ય કર્યા હતા. તેનાથી વિપરીત ઈરાન અને પશ્ચિમના દેશો વચ્ચે મધ્યસ્થી ભૂમિકા ભજવનાર ઓમાનને ઓછું લક્ષ્ય બનાવવામાં આવ્યું છે. ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીને અભિનંદન આપનાર ઓમાન એકમાત્ર ગલ્ફ દેશ હતો. આ અન્ય ગલ્ફ દેશોને અનુકૂળ આવ્યું નહોતું. ઈરાન ગલ્ફના દેશોને તેની સામેના વ્યાપક ગઠબંધન બનાવવા તરફ ધકેલી રહ્યું છે. ગલ્ફના દેશો પર હુમલો કરીને ઈરાન તેમને દુશ્મન બનાવી રહ્યું છે અને મોટાં યુદ્ધનું જોખમ વધારી રહ્યું છે, જે કોઈ ઇચ્છતું નથી. ગયા બુધવારે સાઉદી અરેબિયામાં ગલ્ફ વિદેશ પ્રધાનોની બેઠક બાદ આરબ દેશોએ યુએન ચાર્ટરની કલમ ૫૧ હેઠળ સ્વ-બચાવના તેમના અધિકાર પર ભાર મૂક્યો હતો. ગયા અઠવાડિયે કતારના રાસ લાફાન ઉર્જા સંકુલ પર હુમલો કર્યા પછી ઈરાને ચેતવણી આપી હતી કે જો તેની સુવિધાઓ પર હુમલા ચાલુ રહેશે તો તે અમેરિકાના ગલ્ફ સાથીઓનો સંપૂર્ણપણે નાશ કરશે. જો ઈરાન સીધા તેમને નિશાન બનાવે તો ગલ્ફના દેશોનું વલણ પણ બદલાઈ શકે છે.

ઈરાન જે ખાડી દેશોમાં મિસાઈલ છોડી રહ્યું છે તેમાં સાઉદી અરેબિયા પાસે સૌથી વધુ સેના છે. સાઉદી અરેબિયા તેની મજબૂત લશ્કરી ક્ષમતાઓ અને મોટા સંરક્ષણ બજેટને કારણે મધ્ય પૂર્વમાં એક મોટી શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. સાઉદી અરેબિયન આર્મીની સૌથી મોટી તાકાત તેની વાયુસેના માનવામાં આવે છે. ૨૦૨૪માં સાઉદી અરેબિયાનું વાર્ષિક સંરક્ષણ બજેટ ૮૦.૩૦ અબજ ડોલર હતું. રોયલ સાઉદી એરફોર્સ પાસે F-15 સ્ટ્રાઈક ઇગલ અને યુરોફાઇટર ટાયફૂન જેવા ૩૦૦ થી વધુ ફાઇટર જેટ છે, જે તેને તેના પડોશી દેશો પર મજબૂત ફાયદો આપે છે. સાઉદી અરેબિયા પાસે અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલી “પીસ શીલ્ડ” પણ છે. સાઉદી અરેબિયા પાસે મિસાઇલો અને અદ્યતન ડ્રોન પણ છે. સાઉદી અરેબિયાની સેના પણ મજબૂત માનવામાં આવે છે, જે અમેરિકન અબ્રામ્સ ટેન્ક અને અત્યાધુનિક સશસ્ત્ર વાહનોથી સજ્જ છે. સાઉદી અરેબિયા તેના દરિયાઈ માર્ગો અને ઉર્જા મથકોનું રક્ષણ કરવા માટે તેની નૌકાદળને પણ મજબૂત બનાવી રહ્યું છે. જોકે, સાઉદી અરેબિયાનું સૈન્ય વિદેશી શસ્ત્રો અને ટેકનોલોજી પર ભારે નિર્ભર રહે છે. તે તેના મોટાભાગના શસ્ત્રો અને લશ્કરી સાધનો અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ પાસેથી મેળવે છે.

અન્ય એક ગલ્ફ રાષ્ટ્ર કુવૈત ઝડપથી એક મોટી લશ્કરી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. કુવૈતે તેની મજબૂત અર્થવ્યવસ્થા અને વ્યૂહાત્મક ભાગીદારીનો ઉપયોગ કરીને એક શક્તિશાળી લશ્કર બનાવ્યું છે. ૨૦૨૪ માં કુવૈતનું સંરક્ષણ બજેટ ૭.૭૯ અબજ ડોલર હતું. કુવૈતમાં ૧૮ થી ૩૫ વર્ષની વયના પુરુષો માટે ફરજિયાત લશ્કરી સેવા છે. કુવૈતી સેના પાસે અંદાજે ૩૬૭ યુદ્ધ ટેન્ક છે. વાયુસેનામાં ૧૩૧ વિમાનો છે, જેમાં ૫૦ ફાઇટર જેટનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં વધતા ડ્રોન અને મિસાઇલ ખતરાઓના પ્રતિભાવમાં કુવૈત તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને હવાઈ દળનું સતત આધુનિકીકરણ કરી રહ્યું છે, જેમાં FA-18 હોર્નેટ જેવા ફાઇટર જેટનો સમાવેશ છે.

સંયુક્ત આરબ અમીરાત મધ્ય પૂર્વમાં સૌથી આધુનિક અને શક્તિશાળી સૈન્યમાંનું એક છે. ઈરાને દુબઈ પર અનેક હુમલા કર્યા છે, જેમાં નોંધપાત્ર નુકસાન થયું છે. દુબઈએ ઘણી ઈરાની મિસાઈલોને તોડી પાડી છે પરંતુ હજુ સુધી કોઈ બદલો લેવાનો હુમલો કર્યો નથી.

યુએઈ પાસે ચોકસાઈથી હુમલો કરવાની ટેકનોલોજી અને ક્ષમતા છે. ૨૦૨૪ માં યુએઈનું વાર્ષિક સંરક્ષણ બજેટ ૨૨.૭૫ અબજ ડોલર હતું. યુએઈએ યમન અને લિબિયામાં લશ્કરી કાર્યવાહીમાં ભાગ લીધો છે અને ઇસ્લામિક સ્ટેટ સામે આંતરરાષ્ટ્રીય કાર્યવાહીને પણ ટેકો આપ્યો છે. વાયુસેના યુએઈની મુખ્ય તાકાત છે, જેમાં F-16 અને મિરાજ ૨૦૦૦ જેવાં ફાઇટર જેટનો સમાવેશ થાય છે. યુએઈ પાસે પેટ્રિઅટ અને THAAD જેવી અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જો ગલ્ફના દેશો ઈરાન સામે હુમલો કરે તો તેનો અર્થ એવો થઈ શકે છે કે ગલ્ફના દેશો ઈઝરાયેલ સાથે જોડાઈ ગયા છે. ગલ્ફના દેશોમાં ઈઝરાયેલ સાથે જોડાણ કરવામાં ખચકાટ છે**

# BUSINESS મિત્ર

### મીડિયા, પ્રાઇવેટ બેન્ક અને ઓટો શેરોમાં ઝડપી ઉછાળો : મિડ-સ્મોલકેપ શેરો ઉછળ્યા

# મીડલ ઇસ્ટમાં તણાવનું જોખમ ઘટતા શેરબજારમાં રીકવરી

**ઇન્ટ્રાડેમાં** 23000ની સપાટી કુદાવનાર નિફ્ટી લગભગ 400 પોઇન્ટ વધીને બંધ

**સેન્સેક્સ** પણ 1372 પોઇન્ટ વધીને 74068 પોઇન્ટ પર બંધ રહ્યો

વાણિજ્યપ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** અમેરિકાએ ઈરાનના પાવર પ્લાન્ટ પરના હુમલા માટે અલ્ટીમેટમ આપ્યા બાદ તેને આ હુમલાને કામચલાઉ ધોરણે રોકી દેવાની જાહેરાત કરતા રોકાણકારોમાં વિશ્વાસ આવ્યો હતો અને યુદ્ધ ગંભીર સ્વરૂપ ધારણ કરે તે નોબત અટકી જવા પામી હતી અને ભૂરાજકીય તણાવનું જોખમ ઘટતા વૈશ્વિક બજારોમાં રીકવરી જોવા મળી હતી. જેમાં ભારતીય શેરબજારમાં પણ રીકવરી આવી હતી, પણ ગિફ્ટ નિફ્ટી જેટલી વધી હતી, તેની સરખામણીએ ધીમો સુધારો રહ્યો હતો, જેથી હજુય રોકાણકારોનો સેન્ટિમેન્ટ સુધર્યો તો છે, પણ મજબૂત દેખાઇ રહ્યો નથી. આજે નિફ્ટીએ 22900 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. ઈન્ટ્રાડેમાં 23000 પોઇન્ટની સપાટી કુદાવી હતી, પણ ટકી નહતી. સેકટર વાઇઝ જોઇએ તો મીડિયા, પ્રાઇવેટ બેન્ક, ઓટો શેરોમાં તેજી જોવા મળી હતી. જોકે, તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં પણ પસંદગીના શેરોમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો. આજે નિફ્ટીની વીકલી એક્સપાયરીના દિવસે, સેન્સેક્સના માર્ચ એન્ડીંગના એક દિવસ પુર્વે શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું. ગુરૂવારે રામનવમીના લીધે કોઇ ટ્રેડિંગ નહીં થાય. આ દરમ્યાન આજે સેન્સકસમાં 1372 પોઇન્ટ ઉછળીને 74000 પોઇન્ટને પાર નીકળી ગયો હતો. જેના લીધે રોકાણકારોને રૂ. સાત લાખ કરોડની કમાણી થઇ હતી. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 423 લાખ કરોડ પર પહોંચી ગયું છે. બીએસઇ સેન્સેક્સ 1372.06 પોઇન્ટ એટલે કે 1.89 ટકા વધીને 74000 પોઇન્ટની સપાટી રીકવર કરીને 74068.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74489 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73084 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. આમ, આજે ઈન્ટ્રાડેમાં 1500 પોઇન્ટની વધઘટ જોવા મળી હતી. નિફ્ટી 399.75 પોઇન્ટ એટલે કે 1.78 ટકા વધીને 22900ની સપાટી કુદાવીને 22912.40 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 23000 પોઇન્ટની સપાટી કુદાવીને 23057 પોઇન્ટ સુધી ઉછળી હતી, પણ તે ટકાવી શકી નહતી. જ્યારે નીચામાં 22624 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1167.90 પોઇન્ટ એટલે કે 2.27 ટકા ઉછળીને 52605.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ગુજરાત ફલુરોકેમમાં 18.48 ગણા, સોના બીએલડબલ્યુમાં 6.76 ગણા, બીએલએસ ઈન્ટરનેશનલમાં 6.7 ગણા, જયોથિ લેબમાં 3.63 ગણા, અદાણી ગ્રીન એનર્જીમાં 3.51 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે બીએલએસ ઈન્ટરનેશનલમાં 48.34 ગણા, યુનાઇટેડ બ્રેવરેજીસમાં 19.27 ગણા, આલ્કાઈલ એમીનીઝમાં 14.8 ગણા, લોઢા ડેવલપર્સમાં 4.6 ગણા અને અતુલ લિ.માં 3.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ સારો દેખાવ રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 2.48 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2.24 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2955 શેરો વધ્યા હતા, જ્યારે 1306 શેરો ઘટયા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોઝોનના મેક્રો ડેટા નબળા આવતા નબળા ખુલ્યા હતા, પણ તે મિશ્ર ચાલી રહ્યા છે. એસ એન્ડ પી યુરોઝોન કમ્પોઝિટ પીએમઆઇ ઘટીને 50.5નો થયો છે. જે ગત મહિને 51.9નો હતો. જોકે, મીડલ ઈસ્ટના યુદ્ધના જોખમ ઘટવાના અહેવાલથી એશિયન બજારો ઉછળીને બંધ રહ્યા હતા. દરમ્યાન ખાદ્ય પદાર્થોના ભાવ અને ઇંધમ સબસિડી સ્થિર થવાથી અર્થતંત્ર ઠંડુ પડયું હોવાથી ફેબ્રુઆરીમાં ફુગાવો સતત ચોથા મહિને ઘટ્યો હતો, જેના લીધે જાપાનનો નીક્કી મજબૂત રહ્યો હતો.

## રૂપિયામાં નજીવો પ્રત્યાઘાતી સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** કરન્સી બજારમાં સતત રૂપિયાના ધોવાણ બાદ આજે નજીવો પ્રત્યાઘાતી સુધારો થયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 11 પૈસા સુધરીને 93.87ના સ્તરે બંધ રહ્યો હતો. જે યુદ્ધના જોખમ ઘટવાના અહેવાલથી રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.98ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.13, પાઉન્ડ 125.14, કેનેડિયન ડોલર 68.01, ઓસ્ટ્રેલિયન ડોલર 65.70, જાપાનીઝ યેન 0.5914 અને સીંગાપોર ડોલર 73.32ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 93.86 રૂ. |
| યુરો | 109.13 રૂ. |
| પાઉન્ડ | 125.14 રૂ. |
| યેન | 0.5914 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1372.06 | 74068.45 |
| નિફ્ટી | 399.75 | 22912.40 |
| બેન્કનિફ્ટી | 1167.90 | 52605.65 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 5.22 | 3516.80 |
| ઇન્ટરગ્લોબ | 5.21 | 4150.80 |
| ઇટર્નલ | 4.84 | 237.94 |
| એશિયન પેઇન્ટસ | 4.53 | 2217.30 |
| બજાજ ફાઇનાન્સ | 4.48 | 849.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 2.89 | 442.10 |
| પાવરગ્રીડ | 1.03 | 299.00 |
| અદાણી એન્ટર | 0.82 | 1817.90 |
| સન ફાર્મા | 0.29 | 1753.30 |
| સીપલા | 0.20 | 1219.40 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 5.19 | 3515.35 |
| ઇન્ટરગ્લોબ | 5.18 | 4151.15 |
| ઇટર્નલ | 4.85 | 237.95 |
| બજાજ ફાઇ. | 4.69 | 850.00 |
| એશિયન પેઇન્ટસ | 4.54 | 2216.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 0.81 | 299.20 |
| એસબીઆઇ | 0.09 | 1030.80 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ ’’ | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ ’’ | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૩૭૮૦ |
| તેજાબી સોનું | ૧૪૩૬૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૬૫૯૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૪૦૯૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૩૭૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૯૦૦ |

# ઇરાન યુદ્ધથી વૈશ્વિક અસ્થિરતા છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત રહ્યું : RBI

**વૈશ્વિક** અનિશ્ચિતતાના માહોલને ધ્યાને રાખીને ફેબ્રુઆરી-માર્ચમાં વ્યાજદર યથાવત રાખ્યા હતા : આરબીઆઇ

નવી દિલ્હી, તા. 24: મીડલ ઈસ્ટના યુદ્ધથી વૈશ્વિક અસ્થિરતા થઇ છે અને વિશ્વના અનેક દેશોના અર્થતંત્ર હાલકડોલક થઇ ગયા છે, ત્યારે ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત હોવાનો આરબીઆઇએ બુલેટિનમાં દાવો કર્યો છે. 2025-26 માટે જીડીપીના બીજા એડવાન્સ અંદાજ પણ આ મજબૂતાઇ દર્શાવે છે.

ફેબ્રુઆરીમાં દેશની આર્થિક પ્રવૃત્તિમાં વધારો થયો હતો. ફુગાવામાં વધારો ખાદ્ય અને પીણાંના કારણે થયો હતો. સિસ્ટમમાં પૂરતા પ્રમાણમાં પ્રવાહિતા રહી, અને વ્યવસાય ક્ષેત્રને નાણાકીય સહાયમાં વધારો થયો. વધુમાં, ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર બાહ્ય આંચકાઓ સામે ટકી શકે તેટલો મજબૂત છે.

અહેવાલમાં જણાવાયું છે કે મધ્ય પૂર્વમાં યુદ્ધ અને અમેરિકાની વેપાર તપાસને કારણે વૈશ્વિક ઉર્જા સુરક્ષા, આયાત ટેરિફ અને પુરવઠા શ્રૃંખલા અંગે અનિશ્ચિતતા વધી છે. જો આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો તે વૈશ્વિક અર્થતંત્ર પર અસર કરી શકે છે. સ્થાનિક સ્તરે, ભારતની ક્રૂડ ઓઇલ પરની નિર્ભરતાને ધ્યાનમાં રાખીને, પરિસ્થિતિનું નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ છે. જોકે, આરબીઆઇએ જણાવ્યું હતું કે સમય જતાં, મજબૂત વૃદ્ધિ, મજબૂત આર્થિક મૂળભૂત બાબતો અને મજબૂત વિદેશી ક્ષેત્રને કારણે ભારતનું અર્થતંત્ર બાહ્ય આંચકાઓ પ્રત્યે વધુ સ્થિતિસ્થાપક બન્યું છે.

જીડીપી ડેટા અનુસાર, નાણાકીય વર્ષ 2025-26માં આર્થિક વૃદ્ધિ મજબૂત રહી છે, જે મુખ્યત્વે સ્થાનિક માંગ દ્વારા પ્રેરિત છે. ખાનગી વપરાશ અને રોકાણ બંને મજબૂત રહ્યા. ત્રીજા ક્વાર્ટરમાં અર્થતંત્ર 7.8 ટકાના દરે વધ્યું. ફેબ્રુઆરીમાં શહેરી અને ગ્રામીણ બંને બજારોમાં માંગ મજબૂત રહી. ઓછા કર, ખરીફ પાકની આવક અને લગ્નની મોસમ વગેરેનો લાભ મળ્યો. ફેબ્રુઆરીમાં ટુ-વ્હીલર, પેસેન્જર વાહનો અને ટ્રેક્ટરનું વેચાણ રેકોર્ડ સ્તરે પહોંચ્યું. કૃષિ ક્ષેત્ર પણ મજબૂત રહ્યું, અને નાણાકીય વર્ષ 2026માં ખાદ્ય અનાજનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોંચવાની અપેક્ષા છે.

વૈશ્વિક સ્તરે, મધ્ય પૂર્વમાં તણાવને કારણે તેલ અને ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો, જેના કારણે કોમોડિટી અને નાણાકીય બજારોમાં અસ્થિરતા વધી ગઈ. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ તેને વૈશ્વિક તેલ બજારના ઈતિહાસમાં સૌથી મોટો પુરવઠો વિક્ષેપ ગણાવ્યો. અન્ય કોમોડિટીઝના લીધે ઔદ્યોગિક એકમોને પણ અસર થઈ.

આરબીઆઈ બુલેટિનમાં જણાવાયું છે કે ઊર્જા કટોકટીએ નાણાકીય બજારોને પણ અસર કરી છે. માર્ચમાં શેરબજારોમાં ઘટાડો થયો હતો, બોન્ડ બજારોમાં પણ ફેરફારો જોવા મળ્યા હતા અને યુએસ ડોલર મજબૂત બન્યો હતો. આ વાતાવરણમાં, મુખ્ય કેન્દ્રીય બેંકોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું અને ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન વ્યાજદરો યથાવત રાખ્યા હતા.

# વૈશ્વિક કટોકટી વચ્ચે પણ ભારતની નિકાસમાં વૃદ્ધિ

**નાણાકીય** વર્ષ 2025-26 એપ્રિલથી જાન્યુઆરી સુધીમાં નિકાસમાં 5.2 ટકાનો વધારો થયો

નવી દિલ્હી, તા. 24: ચાલુ વૈશ્વિક પડકારો છતાં, ભારતની એકંદર નિકાસમાં મજબૂતાઇ જોવા મળી છે. સરકારે સંસદમાં જણાવ્યું હતું કે 2025-26 નાણાકીય વર્ષના એપ્રિલ-જાન્યુઆરી સમયગાળામાં દેશની કુલ નિકાસ 5.2 ટકા વધીને 714.73 બિલિયન ડોલર થઇ છે.

કેન્દ્રીય વાણિજ્ય રાજ્યમંત્રી જિતિન પ્રસાદે લોકસભામાં માહિતી આપી હતી કે ગયા વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો 679.02 બિલિયન ડોલર હતો. આ કુલ નિકાસમાં 5.26 ટકાનો વધારો દર્શાવે છે, જે વૈશ્વિક પરિસ્થિતિઓ છતાં ભારતની આર્થિક મજબૂતાઇ દર્શાવે છે. તેમણે કહ્યું કે આ સતત વૃદ્ધિ દર્શાવે છે કે ભારત પડકારજનક વૈશ્વિક પરિસ્થિતિઓમાં પણ તેની નિકાસ સ્થિર રાખવામાં સક્ષમ છે અને વૈશ્વિક વેપારમાં એક મજબૂત ખેલાડી તરીકે તેની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. ભારત-ઈયુ મુક્ત વેપાર કરારને ઐતિહાસિક ગણાવતા મંત્રીએ કહ્યું કે તે ભારતને યુરોપિયન બજારોમાં વ્યાપક પ્રવેશ પ્રદાન કરશે અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં દેશની ભાગીદારીને મજબૂત બનાવશે. ન્યુઝીલેન્ડ, ઓમાન અને યુનાઈટેડ કિંગડમ જેવા દેશો સાથે પ્રસ્તાવિત વેપાર કરારો બજારની પહોંચને વધુ વિસ્તૃત કરશે, સેવા ક્ષેત્રમાં ગતિશીલતા વધારશે અને રોકાણ માટે વધુ સારૂં વાતાવરણ બનાવશે. આનાથી વૈશ્વિક સ્તરે ભારતીય વ્યવસાયો વધુ મજબૂત બનશે.